# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

**વર્ષ : ૨૦ અંક : ૨૪૫**



પ્રમુખ
**સુશીલ ધીરજલાલ કાપડિયા**
મો. ૯૩૯૩૩ ૧૯૩૩૩

માનદ્ મંત્રી
**પ્રેમચંદ કેશવજી છેડા**
મો. ૯૩૪૬૦ ૫૪૬૬૦

સંપાદિકા
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
**email : hydkmm@gmail.com**
**Web : www.kutchibhavanhyd.org**



મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

સુશીલ ધીરજલાલ કાપડિયા

પ્રિય સભ્યજનો,

દિવાળી આવીને ગઈ અને આપણે ઉજવી. ચાતુર્માસ સંપૂર્ણ થયા. ગુરૂભગવંતોએ વિહાર કર્યા. આપણામાંથી ઘણાંઓએ તો ૨૦૧૫ ના લેખા-જોખા શરૂ કરી દીધાં હશે. ઠંડીની મોસમે પદાર્પણ કર્યા છે. આ ઋતુ શક્તિ આપનારી છે. સૌએ આ મોસમનો લાભ લઈ પોતાની શક્તિમાં વૃદ્ધિ કરવાની તૈયારી કરવી જોઈએ. મારા મતે આપણા સભ્યો જરા પાછળ છે.

રવિવાર, તા. ૨૯-૧૧-૨૦૧૫ ના રોજ કચ્છી ભવનમાં આપણી નવયુવાન પેઢી માટે અને સાથે સાથે મોટેરાંઓ માટે પણ એક બીઝનેસ સેમીનાર ગોઠવેલ હતું. દુર્ભાગ્યવશ આપણો આટલો મોટો સભ્ય સમુદાય હોવા છતાં હાજરી નિરાશજનક હતી-માત્ર ૩૫ જણની. જો કોઈ મનોરંજન પ્રોગ્રામ હોય તો સભ્યો ભરપુર હાજરી આપે છે. આવા કાર્યક્રમોમાં કેમ નહીં ? આવા કાર્યક્રમ દ્વારા પુસ્તકીયા જ્ઞાન સાથે કંઈ વિસ્તરીત અને પ્રેક્ટીકલ જ્ઞાન પણ મળે છે. જે સભ્યો આવ્યા હતાં તેઓએ આ પ્રોગ્રામની અનુમોદના કરી હતી. સ્પીકર પણ ખૂબ કાબેલ વ્યક્તિ હતા. હવે પછી પણ આપના માટે આવા પ્રોગ્રામ કરતાં રહેશું.

મારા પ્રયત્નોથી હું આપણાં સભ્યોને કંઈક નવું અનોખું અને જ્ઞાન આપે એવું આપવા માગું છું.

Dear Members,

The year 2015 is coming to an end I hope you have had a good year. In reality, it was a very hard year for people in general.

Diwali came and went. You must have all enjoyed it very much. "Chaturmaas" is over and our Poojya Maharajshri have departed leaving us a little sad may be. The cool breeze is now turning colder and energy giving. Yes, take advantage of this beautiful season to get energetic.

Unfortunately I find our members unenergetic. We had arranged a business seminar for our young members

**હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો**
**www.kutchibhavanhyd.org., http://www.asanjokutch.com**

on Sunday the 29th November 2015 by a well known speaker. The turnout on that day was 35 only. We are arranging such programmes so you can gather more practical knowledge apart from bookish knowledge. Had it been an entertainment programme, the members would have turned out in full strength.

The members who attended, appreciated the programme. Now look forward for more such programmes. It will be my endevour to get such programmes & give something knowledgeable & new to the members.



## માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પ્રેમચંદ કેશવજી છેડા

- તા. ૩૧-૧૦-૨૦૧૫ ના મનોરંજન સમિતિ દ્વારા હનુમાન વ્યાયામ શાળાના પ્રાંગણમાં “શરદ પૂર્ણિમાં“ તહેવાર નિમિત્તે રાસ-ગરબા અને દાંડીયારાસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. સભ્ય પરિવારોએ ખૂબજ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો, લગભગ ૧૦૦૦ સભ્ય ભાઈઓ-બહેનો અને બાળકોની હાજરી રહી હતી. સંચાલક શ્રી પ્રતાપ જાડેજા અને સાથી કાર્યકર્તાઓને અભિનંદન.
- ગુજરાત ઈતિહાસ પરીષદ-ભુજ-કચ્છની વિનંતી આવતા એમના દ્વારા ઈતિહાસકારો, સંશોધકો અને ઈતિહાસ રસિકો માટે જ્ઞાન સત્ર યોજવા ગેસ્ટ હાઉસ અને હોલની ફાળવણી કરવામાં આવેલ છે.
- શાંતિ પ્રાયમરી સ્કુલમાં CCTV કેમેરા લગાવવાનું નક્કી કરવામાં આવેલ છે.
- નવેમ્બર માસનાં નિયાપોમાં માનદ્ મંત્રીના રિપોર્ટમાં શિક્ષણ સમિતિના કાર્યક્રમની તારીખ ભૂલથી ૧૫-૧૦-૨૦૧૫ છપાયેલ છે તે તા. ૧૧-૧૦-૨૦૧૫ સુધારીને વાંચવી.



## સંપાદકીય

સંપાદિકા : **દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

શિયાળો બેસી ગયો છે, સવારે ગુલાબી ઠંડીનો અનુભવ થાય છે. આપણે સૌ જાણીએ છીએ કે સ્વાસ્થ્ય માટે શિયાળાની સીઝન સૌથી ઉત્તમ છે છતાં યાદ કરાવવામાં કંઈ ખોટું નથી. ઠંડીમાં સવારે ઉઠવાની તકલીફ જરૂર થાય પણ એટલુંજ જરૂરી છે કે મન મક્કમ કરી વહેલા ઉઠી ગાર્ડનમાં ફરવા જાવ અથવા શરીરને માફક આવે તેવી કસરત કરો. આ સિઝનમાં તાજા શાકભાજી તેમજ ફ્રૂટ્સ ભરપૂર પ્રમાણમાં મળે છે તેનો પુરતો લાભ લ્યો, શરીરને સ્વસ્થ અને સ્ફુર્તીદાયક રાખો. **ચાલો આજથીજ શરૂ કરીએ.**

પેરિસમાં પર્યાવરણ સંબંધી એક મહત્વની આંતર રાષ્ટ્રિય બેઠક ચાલુ છે જેમાં દુનિયાના આસરે ૧૮૭ દેશો ભાગ લઈ રહ્યા છે. મહત્વનો વિષય છે કે પૃથ્વી ઉપર પર્યાવરણ ખરાબ થતો કેમ રોકવો/સુધારવો. વૈજ્ઞાનિકો કેટલા સમયથી બધાય દેશોને સાવધાન કરી રહ્યા હતા કે સમયસર જરૂરી પગલા લ્યો નહીં તો પસ્તાવાનો વારો આવશે. અને ખરેખર જે તેઓને ડર હતો તેવુંજ પૃથ્વી ઉપર હાલમાં થઈ રહ્યું છે. તાજો દાખલો છે ચેન્નૈનો ૧૦૦ વર્ષમાં ન થયો હોય તેવો મુશળધાર વરસાદ - અઠવાડિયાથી ત્યાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયેલ છે અને લોકોનું જીવન દુશ્કર થઈ ગયેલ છે. ક્યારેક આપણે લાગે કે હું પર્યાવરણ બચાવવા એકલો શું કરી શકું ! એકલી વ્યક્તિ પણ પોતાનો નાનો એવો ફાળો પણ આપી શકે છે, જેવોકે પ્લાસ્ટીકની થેલીઓ નહીં વાપરવી, ગાડીઓ ઓછી વાપરવી... ઈત્યાદી.

# સભ્યપદ સમિતિ

સંચાલક: લહેરચંદ ટોકરશી લોડાયા
૯૨૪૬૫ ૩૧૦૬૬

શ્રી કચ્છી મિત્ર મંડળની નવેમ્બર માસ ની સંયુક્ત મિટીંગમાં નિમ્ન લિખીત ૨૫ વ્યક્તિઓની આજીવન સભ્યપદ માટેની અરજીઓને મંજુર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | જ્ઞાતી | મેમ્બરશીપ નંબર |
|---|---|---|---|---|
| ૧ | ગૌરવ નલીન શાહ | ભુજ | ગુર્જર જૈન | G/1006/11/15 |
| ૨ | વિરેન વલ્લભજી સાવલા | બેરાજા | ક.વિ.ઓ. | V/1020/11/15 |
| ૩ | મોનાલી ઉદય છેડા | ગોધરા | ક.વિ.ઓ. | M/1033/11/15 |
| ૪ | પ્રદીપ ગાંગજી નાગડા | કપાયા | ક.વિ.ઓ. | P/1026/11/15 |
| ૫ | લક્ષ્મી મહેન્દ્ર કારાણી | ડુમરા | ક.વિ.ઓ. | L/1006/11/15 |
| ૬ | ડૉ. લક્ષ્મી વિશનજી કારાણી | ડુમરા | ક.વિ.ઓ. | L/1007/11/15 |
| ૭ | ચંદન ડુંગરશી ગડા | ડુમરા | ક.વિ.ઓ. | C/1008/11/15 |
| ૮ | ભુપાલી પુનમચંદ નાગડા | વરંડી મોટી | ક.વિ.ઓ. | B/1018/11/15 |
| ૯ | રજનીકાંત દામોદર સોની | માંડવી | કચ્છી સોની | R/1025/11/15 |
| ૧૦ | કેવલ દિનેશ ગાલા | દેશલપુર | ક.વિ.ઓ. | K/1037/11/15 |
| ૧૧. | ટ્વીન્કલ અજીત ગાલા | દેશલપુર | ક.વિ.ઓ. | T/1007/11/15 |
| ૧૨. | વરૂણ કમલેશ રાંભીયા | મોટા આસંબિયા | ક.વિ.ઓ. | V/1021/11/15 |
| ૧૩. | વરૂણ નવિનચંદ્ર નાગડા | ભોજાય | ક.વિ.ઓ. | V/1022/11/15 |
| ૧૪. | હિરાંક હરીશ મોતા | કુવાપધર | ક.દ.ઓ. | H/1027/11/15 |
| ૧૫. | હેમંત ભવાનજી પાસડ | શેરડી | ક.વિ.ઓ. | H/1028/11/15 |
| ૧૬. | તરંગ હિતેન નાગડા | વરંડી મોટી | ક.વિ.ઓ. | T/1008/11/15 |
| ૧૭. | ગુંજન મનોજ નાગડા | વરંડી મોટી | ક.વિ.ઓ. | G/1007/11/15 |
| ૧૮. | સપના મહેન્દ્ર નાગડા | નરેડી | ક.વિ.ઓ. | S/1030/11/15 |
| ૧૯. | શ્રેણિક સુરેશ પારેખ | અંજાર | ગુર્જર જૈન | S/1031/11/15 |
| ૨૦. | વૈશાલી ડાયાલાલ ભેદા | ભુજપુર | ક.વિ.ઓ. | V/1023/11/15 |
| ૨૧. | કલ્પના વસંત નાગડા | વરંડીમોટી | ક.વિ.ઓ. | K/1038/11/15 |
| ૨૨. | સાગર ભરત ગાંધી | અંજાર | ગુર્જર જૈન | S/1032/11/15 |
| ૨૩. | નિલેશ જયંતગીર ગોસ્વામી | લખપત | બ્રાહ્મણ | N/1029/11/15 |
| ૨૪. | નેહલ રિકન નાગડા | વરંડી મોટી | ક.વિ.ઓ. | N/1030/11/15 |
| ૨૫. | પૂજા અમિત ડાઘા | સુથરી | ક.દ.ઓ. | P/1027/11/15 |

ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળ વતી હાર્દિક અભિનંદન....

# ગુરૂભક્તિ મહોત્સવ - સકળ શ્રીસંઘ ને ભાવભર્યું આમંત્રણ



હૈદરાબાદની ધન્યધરા પર યશસ્વી ચાતુર્માસ કરી, કાચીગુડા-ચૈતન્યપુરી શ્રી સંઘમાં અદ્ભુત આરાધનાનો માહોલ બનાવી અમ સૌ આત્માને કૃતકૃત્ય કરનારા પ.પૂ. સાધ્વીરત્ના **શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.** ના સંયમજીવનના ૪૫ વર્ષમાં પદાર્પણ નો સુઅવસર માણવાનો લાભ આપણને મળી રહ્યો છે.

જે ભૂમિ અનેક આત્માઓએ વીરની વાટે પગરણ માંડ્યા છે. એવી કચ્છની ધીંગી ધરા પર સં. ૧૯૫૩ ને ભાદરવા વદ ૬ ને સોમવારના દિવસે **માતુશ્રી ખેતબાઈ** ની કુક્ષીએ **નાનજીભાઈ** ની કુળદિપીકા **ચિ. વિમળાબેન** જન્મયા. જન્મથીજ સ્વાભાવિક નિખાલસતા, સહજતા, રમૂજી સ્વભાવે સૌના હૈયામાં સ્થાન પામ્યા અને પૂર્વના સંસ્કાર કહો કે દેવની અગમ્ય સહાયતા કહો વિદૂષી સાધ્વી **શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.** નું ચાતુર્માસ થયું અને વિમળાબેન વૈરાગ્યના રંગે રંગાણા. વિ.સં. ૨૦૨૮ ની સાલમાં માગસર સુદ ૭ ના દિવસે માત્ર ૧૭ વર્ષની કુમળી વયે મોટા આસંબિયા નગરે રાષ્ટ્રસંત પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા** ના વરદ હસ્તે સાધ્વી **વિજયપૂર્ણાશ્રી** નામે સાધ્વીરત્ના અચલગચ્છને પ્રાપ્ત થયા.

આ વાતને ૪૪-૪૪ વર્ષના વ્હાણા વીતી ગયા. સ્વાધ્યાય, વૈયાવચ્ચ, જાપ, ત્યાગના સંગાથે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, દક્ષિણના નાના-મોટા સંઘોમાં વિચરી ધર્મની ધજાને લહેરાવતાં અમ પરિવારના ઉપકારી ગુરૂદેવના સંયમજીવનને ઉજવવાનો સુંદર લાભ અમને મળી રહ્યો છે. હૈદરાબાદમાં વસતાં સમગ્ર જૈન શ્રાવક-શ્રાવિકા, સંસ્થા, મંડળોને ગુરૂભક્તિ મહોત્સવમાં જોડાવવા હાર્દિક આમંત્રણ છે. દેશ દેશાવરમાં વસતાં પૂજ્યશ્રીના સંસારી પરિવારજનો તથા દરેક ગુરૂભક્તોને પધારવા સહર્ષ નિમંત્રણ પાઠવીએ છીએ.

**મહોત્સવ નિશ્રાદાતા : ગુણ - ગુણોદય - કલાના અંતરભીના આશીર્વાદ**
**પ.પૂ. યુવા મૂનિરાજ શ્રી જગવલ્લભસાગરજી મ.સા. ઠાણા ૧**
**વિદુષી સાધ્વી પ.પૂ.શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા. ના શિષ્યા પ.પૂ.સા.શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.,**
**પ.પૂ.સા.શ્રી વિરાગપૂર્ણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી ચંદ્રસુધાશ્રીજી મ.સા. ઠાણા-૩**

## મહોત્સવ શુભ સ્થળ : શ્રી શાંતિનાથ જિનેશ્વરધામ, કાચીગુડા, હૈદરાબાદ

**૧૫-૧૨-૨૦૧૫ મંગળવાર શ્રી ચંદ્રપ્રભ સ્વામી મહાપૂજન, સમય : સવારના ૯ કલાકે**
સંપૂર્ણ પૂજન તથા સ્વામીવાત્સલના લાભાર્થી : **માતુશ્રી લક્ષ્મીબેન હંસરાજ કાનજી નાગડા**
**હ : યશ મનોજ નાગડા, ગામ નરેડી - હૈદરાબાદ**

**૧૬-૧૨-૨૦૧૫ બુધવાર શ્રી નમિઉણ પાર્શ્વનાથ મહાપૂજન, સમયઃ બપોરે ૧૨.૩૯ કલાકે**
સંપૂર્ણ પૂજન તથા ચોવિહારના લાભાર્થી : **માતુશ્રી સાકરબેન ગાંગજી નરશી નાગડા,**
**હ : વાસંતીબેન - શાંતિલાલ - પ્રદીપ - દિલીપ, ગામ કપાયા - હૈદરાબાદ**

**૧૭-૧૨-૨૦૧૫ ગુરૂવાર શ્રી ગૌતમસ્વામી મહાપૂજન, સમય : બપોરે ૧૨.૩૯ કલાકે**
શ્રી ચૈતન્યપુરી અચલગચ્છ જૈન સંઘના પરમોપકારી પ.પૂ.સાધ્વી શ્રી વિજયપૂર્ણાશ્રી મ.સા. ના ૪૫ માં દિક્ષાનો દિવસ, સંપૂર્ણ પૂજન તથા ચોવિહારના લાભાર્થી : **શ્રી અચલગચ્છ જૈન સંઘ ચૈતન્યપુરી,** હૈદરાબાદ

વિધિકાર : **શ્રીમાન રાજાભાઈ નંદુ** તથા સહાયકો મુંબઈથી પધારશે.
સંગીત સથવારો : **કાચીગુડા - ચૈતન્યપુરીના મંડળો તથા શ્રી સુધીર લોઢા** એન્ડ પાર્ટી
**સકળ શ્રી સંઘને ઉપરોક્ત દરેક પૂજનમાં લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.**

લિ. **ગુરૂ ભક્ત પરિવારો**

# મહિલા સમિતિ

સંચાલિકા : **દર્શના સાવલા**
**ફોન. ૯૦૩૨૭ ૬૭૧૧૧**

**શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતિ દ્વારા આયોજીત શામ-એ-ગઝલ કાર્યક્રમ તા. ૧ ડિસેમ્બર ૨૦૧૫ ના કચ્છી ભવનમાં રાખવામાં આવ્યું હતું.**

નવાબી “કેટ-વોક” હરિફાઈમાં બધાએ ખૂબજ ઉત્સાહથી ભાગ લીધો તેમાં ત્રણ ઈનામો રાખેલ.

**Judge - RINA HINDOCHA**

**1st Prize - ZENY MOMAYA**
**2nd Prize - BHAVANA SANGOI**
**3rd Prize - SNEHA GALA**
**Special Prize - Star of evening**

**MUKTI DHAROD & Best Child Catwalk - JHEEL CHHEDDA**

બધાજ **Participants** ને કોન્સોલેસન ઈનામો આપવામાં આવેલ. બધાએ ગઝલનો ભરપુર આનંદ માણ્યો સાથે સ્વરૂચી ભોજનની મજા માણી.

**શ્રીમતી પ્રભાબેન ચીમનલાલ ગાલા** અને **બાલાજી રતનલાલ** તરફથી સ્પોન્સરશીપ રૂપે સહયોગ મળેલ તે બદલ તેમનો આભાર. મહિલા સમિતિના મારા સાથીદારો શ્રીમતી શ્વેતા જાડેજા, કુસુમ રાંભિયા, નિશા કાકરેચા, કરિશ્મા મોતા છે.

# શાંતિવન સમિતિ

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાવલા**
ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

**શાંતિવન સમિતિ** રજુ કરે છે **કચ્છી કોમેડી સિનેમા કમ જો કુડો (કામચોર)**

**રવિવાર તા. ૨૭-૧૨-૨૦૧૫ ના સાંજના ૬.૦૦ વાગ્યાથી શ્રી કચ્છી ભવનમાં**

શ્રી કચ્છી મિત્ર મંડળના ઈતિહાસમાં કદાચ આ પહેલો પ્રયાસ છે. એનો આનંદ માણવાનું ચુકશો નહીં - વધારેમાં વધારે સંખ્યામાં નાના મોટા સહુ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવશો.

નોંધ : બધાજ સમજી શકે એવી સરળ ભાષામાં આ સિનેમા હોઈ એનો આનંદ જરૂર લેશો.

શાંતિવન સમિતિ એટલે વડિલોની સમિતિ. સિનિયર સીટીઝનનું એક સંગઠન. સમાજના વડિલોના સુખાકારીને અનુરૂપ કાર્યક્રમ ઘડવા માટે કટીબધ્ધ છે. સંઘઠનનું લક્ષ્ય છે, સમાજના વડિલોને વધારેમાં વધારે યોગ્ય સેવા પ્રાપ્ત થાય. એ ભગીરથ કાર્ય માટે યુવા શક્તિની આવશ્યક્તા રહેશે. માટે એમનો પણ હમેશા સાથ સહકાર લેવાનો પ્રયત્ન થાય છે.

મનોરંજન તથા કોઈપણ વિષયની જાણકારી, સંઘઠનને આકર્ષવા તથા મજબુત બનાવવા પૂરતોંજ મર્યાદિત છે. એનાથી આગળ વધીને વડિલોને ઉપયોગી થાય એવા સેવા કાર્ય માટે વિચાર વિમર્શ ચાલુ છે. તથા આપણા ઉદ્દેશ્યને મુર્ત રૂપ આપવા સમસ્ત દક્ષિણ ભારત કચ્છી સીનીયર સીટીઝનનો એક મહાન સમ્મેલન આયોજીત કરવા વિચારાધીન છે.

સમ્મેલનનો સ્વરૂપ સમય, સ્થાન વગેરે બાબતો નક્કી થતા એક બુલેટીન બહાર પાડવામાં આવશે.

સમ્મેલનના ફલશ્રુતી રૂપે એક મધ્યવર્તી સંસ્થા ઉભી કરી સમાજના વડિલોની આપેક્ષાનું રૂપ કાર્યરથ થવા શાંતિવન સમિતિ આગળ વધશે. હમણાથીજ આપના મૌલિક સલાહ સુચનો લેખીત મોકલવા ખાસ આગ્રહ ભરી વિનંતી. **કાર્યક્રમ બાદ અલ્પાહારની વ્યવસ્થા છે. જેની નોંધ લેશોજી.**

# જૈનમ્ જયતિ શાસનમ્

## વિ.સં. ૨૦૨૮ માં માત્ર ૧૭ વર્ષની ઉમરે વીર વારે વિરાંગના બનનાર સંયમ જીવનના ૪૫ વર્ષ આરંભે પ.પૂ. વિજયપૂર્ણાશ્રીજી મ.સા. ને વંદના વારંવાર



જે ભૂમિ અનેક સંયમી-ત્યાગી મહાત્માઓની જનની છે. જે ધન્ય ધરા અનેક નરરત્નો અને શ્રાવક રત્નોની ખાણ છે. એવી બાડા ગામની અનુપમ અવનિ પર રત્નકુક્ષિણી માતા ખેતબાઈની કુક્ષીએ અને પિતા નાનજી દેવજી ગડાના કુળમાં જન્મ ધારણ કરી અચલગચ્છના અજોડ પ્રવચન તારિકા વિદુષી સાધ્વી **પ.પૂ. સા. શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.** પાસે વિ.સં. ૨૦૨૮ ની સાલમાં માગસર સુદ ૭ ના માત્ર ૧૭ વર્ષની કુમળી વયે મોટા આસંબીયા શ્રી સુપાર્શ્વનાથ દાદા ની છત્ર છાયામાં શાસન સમ્રાટ, રાષ્ટ્ર સંત, અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત **શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મહારાજા સાહેબ** ના આશીર્વાદથી પૂજ્યશ્રી ના વરદ હસ્તે **પૂ.સા.શ્રી પુષ્પાશ્રીજી મ.સા.** ના પરિવારમાં સંયમ ગ્રહણ કરી સંયમકલક્ષી વિદુષી સાધ્વી **પ.પૂ. ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.** ના ચરણોમાં જીવન સમર્પિત કરી આપ વિમળા માંથી પૂ.સા. શ્રી વિજયપૂર્ણાશ્રીજી બન્યા.

અને એ યાત્રાના ૧૭-૧૨-૨૦૧૫ આપના નિષ્પાપ સંયમ જીવનના ૪૫ માં વર્ષમાં પ્રવેશ થઈ રહ્યો છે ત્યારે ગુલાબસમ મધ મધ્યામાન દેવ દુર્લભ ખીર સમ ધવલ માણેક સમ ઝળહળતા ખીલતી વસંત જેવા આપના સંયમ જીવનના સાડા ચાર દાયકાની અભ્યુદયકારી યાત્રામાં આપે દીક્ષા લીધા બાદ વિદુષી સાધ્વી **પ.પૂ.સા. શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.** તથા અનેક વડીલ સાધ્વી ભગવંતોની વર્ધમાન ભાવે વૈયાવચ્છ કરી આપ અનેકોના કૃપાપાત્ર બન્યા છો. અને જેના ફળ સ્વરૂપે અનેક વિધ ગચ્છ શાસનના ઉન્નતિકાર્યો આપની પ્રેરણા નિક્ષામાં સંપન્ન થયા છે. શાસન ગચ્છના શાંતમૂર્તિ **પ.પૂ.સા.શ્રી વિરાગપૂર્ણાશ્રીજી મ.સા.** તથા પ્રખર પ્રવચનકાર **પ.પૂ.સા. શ્રી ચંદ્રસુધાશ્રીજી મ.સા.** જેવા શિષ્ય રત્નોના પરિવાર ધારક આપશ્રી છો.

અંતે કરોડો નવકાર મહા મંત્રના અનન્ય આરાધિકા, સિદ્ધચક્ર ભગવાનના સદૈવ સેવિકા, અનેક ધાર્મિક ગ્રંથોના અભ્યાસી, ઋજુહદયા, અનેક સ્વગચ્છીય - પરગચ્છીય પૂજ્યોના કૃપાપાત્ર, પ્રતિ પળ પાનખરનમાં શેકાતા અમારા જેવા અનેક સંતપ્ત આત્માઓ માટે આપ ખરેખર ગુણોની સદા બહાર ખીલતી આહલાદ્ક વસંત છો.

*ગુણ - ગુણોદય - કલામય ગુરૂકુલની અંતરની અનુમોદના સાથે....*
*ખીલે ગુણોનું ઉપવન, જીવન બને આપનું ચંદન....*
*સંયમજીવનના ૪૫ માં વર્ષ આરંભે, ગુરૂ ભક્તો કરે વંદન...*

(ક્ષ. ન.)

લિ. **ગુરૂભક્તો**

**દિનેશ કલ્યાણજી ગોસર** (વિઢ) **પંકજ વલભજી સાવલા** (નવાવાસ)
**મનોજ હંસરાજ નાગડા** (નરેડી) **શાંતિલાલ દામજી ગડા** (ડુમરા)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

માનવમિત્ર સમિતિ આભારી છે શ્રી જીનેશ્વરધામ દેરાસર કાચીગુડાના ટ્રસ્ટીઓની જેમણે ૫૦ કીલો મીઠાઇ તેમજી ૨૫ કીલો ફરસાણ બનાવીને અમારી મૂઠીભર અનાજના વોલીન્ટરોને આપતાં તે વિવિધ આશ્રમોમાં દિવાળીના પર્વ નિમિત્તે આપવામાં આવેલ. તે ઉપરાંત શ્રી પ્રવિણભાઇ છેડાએ ૮ કીલો કોપરાના બીસ્કીટ દિવાળીના પર્વ નિમિત્તે આપતાં તે વિવિધ ઓરફન હોમમાં વિતરણ કરેલ. આ માનવસેવા પ્રવૃતિઓ માટે અમે શ્રી પ્રવીણભાઇ છેડાના પણ આભારી છીએ.

ગત માસમાં મૂઠીભર અનાજ યોજનાના વોલીન્ટર ભાઇઓ બ્હેનોએ કીંગકોઠી ગવર્મેન્ટ હોસ્પીટલ માં દરદીઓ માટે સફરજન તેમજ સંતરાઓનું વિતરણ કરેલ. આ કાર્યક્રમ માટે શ્રી હર્ષદભાઇ ધરોડ સહાયરૂપ થયા ને બદલ અમો તેમના આભારી છીએ.

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) | અનાજ યોજના |
|---|---|---|---|---|---|---|---|
| ધરોડ ભાવિક મંડળ | - | - | ૨ | ૧૦૦૦ | - | ૧૦૦૦ | - |
| નવલબેન શિવજી કાનજી મોતા | - | - | ૧ | - | - | - | - |
| હરિશ વશનજી હરીયા | - | ૫૦૦ | - | - | - | - | - |
| જ્યોતિબેન ધનજી વોરા | - | ૫૫૫ | - | - | - | ૫૫૫ | - |
| સંદિપ વી. નાગડા | - | - | | ૧૦૦૦ | - | - | - |
| શ્રીમતિ પ્રભાબેન જયચંદ બોરીચા | - | ૧૧૦૦૦ | - | - | - | - | - |
| ચી. અક્ષિત તથા ચી. આદિનના જન્મદિન નિમિત્તે | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨ | - | - | - | - |
| નવીનચંદ્ર પ્રેમજી રાંભિયા | - | ૪૦૦૦ | | | | | |

**ઉપરોક્ત સર્વે દાતાઓનો આભાર...**

# Shanti PRIMARY SCHOOL

Sanchalak : **HEMANG M. MOMAYA**
**PH : 98851 01010**

Shanti Primary School celebrated its 4th Science arts and crafts exhibition on 30-11-2015. The inauguration was done by our Samaj president Shri Sushilbhai Kapadia, the lighting of the Lamp was done by Shri Yogeshbhai Suresh Gosar and Shri Chetanbhai, Tarachand Gosar accompanied by our Committee members.

Our school children with the help of their parents and teachers made different Science models according to the topic given to them. Parents also participated in the exhibition by having different delicious food stalls.

This exhibition proved a good platform to exhibit the talent of our students.

The prizes for this exhibition were sponsored by Kum. Vidhi Hemang Momaya.

### સંયમ જીવનના ૪૫ વર્ષમાં પ્રવેશ કરનાર

# પ.પૂ. સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મહારાજ સાહેબ

### ની સંયમ યાત્રાની ખૂબ ખૂબ અનુમોદના...



હૈદરાબાદની ભૂમિ પર બે-બે ચાતુર્માસો કરી આપ મન મૂકી વરસીને અમે સૌ ગુરૂ ભક્તોને આપ આપની મધુર વાણીથી ભીંજવ્યા છે.

આપના સંયમ જીવનના ૪૫માં વર્ષ પ્રવેશ નિમિત્તે આપના સંયમ જીવનની ભુરી ભુરી અનુમોદના. આપનું સંયમ જીવન નિષ્કંટક બનો એવી અમારી અંતરની શુભ ભાવના.

લિ.

## માતુશ્રી શાંતાબેન હીરજી કાનજી ગોસર પરિવાર

**સુરેશચંદ્ર હીરજી ગોસર – સ્વ. તારાચંદ હીરજી ગોસર**

**યોગેશ સુરેશચંદ્ર ગોસર – ચેતન તારાચંદ ગોસર**

ગામ : સાભરાઈ - કચ્છ

સમસ્ત પરિવાર

(જા.ખ.)

Shree Shanti Selection

## સંસ્થા સમાચાર

સહર્ષ જણાવવાનું કે **મામલ માતાજીને નમતા દેઢિયા નુખના** ભાવિકોની પહેડી ૩૧-૧-૨૦૧૬ રવિવારના દિવસે કચ્છી ભવનમાં નિર્ધારીત કરવામાં આવેલ છે. કાર્યક્રમની વિસ્તૃત મહાતિ આગામી નિયાપોમાં આપવામાં આવશે.

❖ **શ્રી કચ્છી વીશા ઓસવાલ સમાજ-હૈદરાબાદ :** સંસ્થા દ્વારા નૂતન વર્ષ નિમીત્તે એક **"મેગા તંબોલો"** - દિવાળી મિલનના જાહેર કાર્યક્રમનું આયોજન તા. ૧૫-૧૧-૨૦૧૫ રવિવારના સાંજે હનુમાન વ્યાયામ શાળા ગ્રાઉન્ડ મધ્યે રાખવામાં આવેલ. કાર્યક્રમના મુખ્ય દાતા હતા **બાલાજી રતનલાલ અને સ્વસ્તીક સ્પાઈશ** સાથે ૨૫ સહાયકદાતા અને ૩૦ બેનર દાતા હતા. તમ્બોલાના પહેલા રાઉન્ડની રૂા. ૩૦૦/- વાળી ૬૦૦ એન્ટ્રી તથા ડિનર પાસનો વેચાણ થયેલ. પાછળના રાઉન્ડોમાં રૂા. ૫૦૦/- વાળી ૩૫૦ ટિકિટોનો વેંચાણ થયેલ. ભોજનની વ્યવસ્થા સુંદર હતી. આવેલ બધા સભ્યોએ ખૂબ આનંદ માણેલ. અંદાજીત રૂા. ૨ લાખના ઈનામોનો વિતરણ થયેલ. સુવ્યવસ્થિત કાર્ય માટે કાર્યકરોને અભિનંદન અને સર્વે દાતાઓનો ખૂબ ખૂબ આભાર...

**આગામી કાર્યક્રમ :** કચ્છી નાટક તા. ૨૪-૧-૨૦૧૬ ને રવિવારે છે. વધારે વિગત પાછળથી જણાવવામાં આવશે.

❖ **શ્રી કચ્છ આઠ કોટી નાની પક્ષ હૈદ્રાબાદ સ્થાનકવાસી જૈન સંઘ :** તા. ૨૨-૧૧-૨૦૧૫ ને રવિવારે શ્રી કચ્છ આઠ કોટી નાની પક્ષ હૈદ્રાબાદ સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા આયોજીત ધર્મ મંથન કાર્યક્રમ ખૂબજ સફળ રહ્યો. (JYF) જૈન યુથ ફોરમના યુવા સુવકતા શ્રી મિનેશ કેનીયા મુંબઈથી અત્રે પધાર્યા હતા અને "ક" કર્મનો "ક" ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. લગભગ ૫૦ થી ૫૫ ધર્મ પ્રેમી ભાઈ-બહેનો તથા યુવાનોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમ દરેક મહિનાના ચોથા રવિવારે યોજવામાં આવશે. દરેક ધર્મ પ્રેમી ભાઈ-બહેનો તથા યુવાનોને ભાગ લેવા નમ્ર વિનંતી.

ડીસેમ્બર મહિનાની ૨૭ તારીખ ને રવિવારે ધર્મમંથનના કાર્યક્રમમાં (JYF) જૈન યુથ ફોરમના સુવકતા શ્રી સંજય મહેતા અને મનીષ શાહ (ભુજ). **"જીવન કે સાથ ભી જીવન કે બાદ ભી"** વિષય ઉપર સંબોધન કરશે. સર્વેને કાર્યક્રમનો લાભ લેવા વિનંતી. સમય : સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦

## જીવન ચક્ર

### પુત્ર જન્મ

**શ્રીમતી રિના તેજસ કુલીન છેડા** — **સુજાપર**

### પુત્રી જન્મ

**શ્રીમતી મોનાલી ઉદય અરવિંદ છેડા (૨૩-૧૧-૧૫)** — **ગોધરા**

### શ્રદ્ધાંજલી

| | | |
|---|---|---|
| **સ્વ. લાહીરીભાઈ હીરજી ભેદા, (ઉ.વ. ૮૯)** | **કાંડાગરા** | **હૈદરાબાદ** |

### સગાઈ

| | | |
|---|---|---|
| **ચિ. રાગીની હરીશભાઈ નવીનચંદ્ર લાપશીયા,** | **દલતુંગી** | **હૈદરાબાદ** |
| **ચિ. પારસ કાંતીલાલ લખમશી નાગડા** | **જખ્ખૌ** | **મુલુંડ** |

# Enjoy this winter season with "Harpal Mithas" Sweets





- ✔ Adadiya Paak
- ✔ Gund Paak
- ✔ Godiya Laddu
- ✔ Oats Dry fruit Laddu
- ✔ Khajur Dryfruit Rolls.



**Other Varieties - Mohanthar, Phiniya, Minisaata**

Contact : **RUPAL SAVLA**
**Mobile : 81064 59594**

(જા.ખ.)



# Raghuvanshi Social Group

Presents

*An enthralling evening dedicated to Gujarati traditional music ! Come & Enjoy*
*Shri Sairam Dave's Dayro & Hasya Darbar*
*the rich cultural & Folk heritage of Gujarat by one of the most talented folk singer*

Date : Sunday 3rd January 2016 * Time : 6.30 p.m. onwards
Venue @ Harihara Kala Bhavan, Patny, Secunderabad



સંગીતના રસિયાઓ માટે પ્રસ્તુત કરીયે છે
**શ્રી સાઇ રામ દવે**
તો ચાલો.... લોક સંગીતનો માણીયે ડાયરો અને હાસ્ય દરબાર.
એક સંગીતમય સાંજ ગુજરાતના વિશ્વપ્રસિદ્ધ લોકગાયક સાથે

રવિવાર, ૩ જાન્યુઆરી ૨૦૧૬, સાંજે ૬.૩૦ કલાકેથી
હરીહરા કલા ભવન, પટની રોડ, સીકંદ્રાબાદ

For Tickets & Further Details Contact : Jiten Majethia ✆ 9866407332, Himanshu Karia ✆ 9248025501, Ram Ruparel ✆ 9246848884, Deepal Pabari ✆ 9573525354

(જા.ખ.)

# વિવિધા

## છાતીનો દરેક દુખાવો હાર્ટ-અટેક નથી હોતો

હૃદયરોગના પાંચ પ્રકારના દોષ અનુસાર લક્ષણો અને એ દોષ પ્રમાણે આયુર્વેદિક ચિકિત્સા કરવાથી એમાંથી કઈ રીતે મુક્તિ મળે એ જાણીએ.

આયુર્વેદ કહે છે કે રોગમુક્તિનો શ્રેષ્ઠ માર્ગ એટલે નિદાન પરિવર્જનમ અર્થાત્ રોગની ઉત્પત્તિ માટે મૂળ કારણ જે આહાર-વિહાર જવાબદાર છે એ દૂર કરવું. હૃદયરોગની સંપ્રાપ્તિમાં માધવાચાર્ય લખે છે. ખુબ જ ભારે અથવા બહુ ખાટા તૂરા કે કડવા પદાર્થોનું સેવન કરવાથી, ખુબ થાક લાગવાથી, શરીર પર આઘાત લાગવાથી. અજીર્ણમાં એટલે કે અગાઉનો ખાધેલો ખોરાક બરાબર પચ્યો ન હોય અને એની ઉપર ફરીથી ખોરાક લેવાથી તેમજ શરીરના આધારીણીય વેગો એટલે કે ઝાડો, પેશાબ, છીંક, ઓડકાર, બગાસા જેવા ૧૩ પ્રકારના વેગો જે રોકવા ન જોઈએ એને રોકવાથી હૃદયરોગ થાય છે.

માધવ-નિદાનમાં હૃદયરોગના પાંચ પ્રકાર જણાવવામાં આવ્યા છે જેનાં દોષાનુસાર લક્ષણો આ મુજબ છે.

૧) વાતજ હૃદયરોગ : વાતજ હૃદયરોગમાં હૃદયમાં ખેંચાણ લાગે છે અને કોઈ સોય મારતું હોય એવી પીડા થાય છે અથવા હૃદય અંદરથી વલોવાતું હોય એવી અનુભૂતિ થાય છે અથવા અંદરથી ચિરાતું હોય એવું લાગે છે.

૨) પિતજ હૃદયરોગ : પિતજ હૃદયરોગમાં દરદીને ખૂબ બળતરા થાય છે અને તરસ લાગે છે. હૃદય સુકાતું હોય એવું લાગે. થાકેલું લાગે. હૃદયમાંથી ગળા દ્વારા ધુમાડો નીકળે એવો ભાસ થાય. દરદીને પરસેવો વળે તથા ચક્કર આવે.

૩) કફજ હૃદયરોગ : કફપ્રકોપ થઈ જ્યારે હૃદય દ્રષિત થાય ત્યારે હૃદયની અંદર ખૂબજ ભાર લાગે, હૃદય જકડાઈ ગયું હોય એવું લાગે. અન્ન માટે અરુચિ થાય. મોંમાંથી કફ નીકળે. મોંમાં સ્વાદ ગળ્યો લાગે.

૪) ત્રિદોષજન્ય હૃદયરોગ : ત્રિદોષજન્ય હૃદયરોગમાં ઉપરોક્ત ત્રણે દોષોનાં લક્ષણ જોવા મળે છે.

૫) કૃમિજન્ય હૃદયરોગ : કૃમિજન્ય હૃદયરોગમાં ત્રણે દોષોનાં લક્ષણો ઉપરાંત ખૂબજ દુખાવો થાય છે. ખંજવાળ આવે છે, આંખે અંધારાં આવે છે. બેચેની વર્તાય છે, આંખો કાળી પડી જાય છે અને સોજા ચડે છે.

ઉપરોક્ત પાંચ પ્રકારે હૃદયરોગ થઈ શકે છે અને શરીરમાં પ્રકોપ પામેલા દોષો અનુસાર ચિકિત્સા કરવાથી હૃદયરોગમાંથી મુક્તિ મળે છે. હાલમાં વિરુદ્ધ આહાર-વિહાર અને માનસિક ચિંતાગ્રસ્ત જીવનશૈલીથી હૃદયરોગનું પ્રમાણ ખૂબ વધ્યું છે. ખાસ કરીને નાનાં શહેરો અને ગામડામાં જ્યાં ખુલ્લું વાતાવરણ અને પશ્ચિમી દેશોનું આંધળું અનુકરણ નથી ત્યાં હૃદયરોગનું પ્રમાણ ઘણું ઓછું છે. દરદીની તાસીર અનુસાર નિત્ય એક ચમચી હરડે અને અડધી ચમચી સૂંઠનું સેવન કરવામાં આવે તો ૨૦૫ પ્રકારના રોગોમાંથી મુક્તિ મળી શકે છે.

મહાનગરોમાં જ્યાં શુદ્ધ હવા-પાણી તથા આહાર દુર્લભ છે અને ભાગદોડ કે ટેન્શનયુક્ત જિંદગી છે ત્યાં હૃદયરોગ-ડાયાબિટીઝ જેવા રોગોએ પગપેસારો કર્યો છે. ભારત કરતાં પણ અમેરિકા જેવા વિકસિત દેશોમાં પણ આ રોગ વધુ છે. રોજિંદા જીવનકાર્યમાં અચાનક છાતીમાં દુખાવો. ગભરામણ, બેચેની જણાતાં દરદી ડૉક્ટર પાસે દોડી જાય છે અને ત્યાર બાદ શરૂ થાય છે શારીરિક અને આર્થિક મુશ્કેલી સર્જનારી સારવાર પદ્ધતિ, કાર્ડિયોગ્રામ, ઈકો-કાર્ડિયોગ્રામ, બ્લડ-ટેસ્ટ, એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટી અને છેલ્લે બાયપાસ સર્જરી. **છાતીનો દરેક દુખાવો હૃદયરોગ નથી હોતો. યોગ્ય નિદાનના અભાવે દરદી ખર્ચના ખાડામાં ઊતરતો જાય છે.**

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**



**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)

---

20 Days Medicine only Rs. 350/-

## AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)

---



FOR ALL YOUR COMPUTER WORK

- ❖ SOFTWARE INSTALLATION
- ❖ TROUBLE SHOOTING
- ❖ VIRUS CLEANING ETC.
- ❖ NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

---

# CHERIAN NATIONAL

## Motor Driving School

*Pick up & Drop*

(ESTD. 1962)

✶ CONTACT ✶

5-9-169/4, Nampally, Chapel Road,

Hyderabad **Cell : 98495 84518**

(જા.ખ.)

---

# M A MARKETING

***Distributor for***

***✦ Nandini Pure Cow Ghee ✦ Madhusudan Desi Ghee***

***✦ Tetra Pack Milk ✦ Good life Brand***

**Free delivery within 3 km radious of Kachiguda**

Contact : **AASHISH JAIN, Ph : 080992 82382**

3-4-165, Bagh Lingampally, Kachiguda, Hyderabad - 27.

(જા.ખ.)

# बचाओ, यदि बचना है

प्रत्येक युग की कुछ न कुछ मानवीय समस्यांए होती है। युग पुरूष उन समस्यांओ के निराकरण का मार्ग बताते है। भगवान ऋषभदेव ने असि, मसि और कृषि का ज्ञान दिया था। भगवान महावीर ने हिंसा और नशे मे पारावार डूबती मानवता को अहिंसा का सिद्धांत ''जियो और जीने दो'' दिया था । 20वीं सदी मे ''वैष्णव जन तो तेने रे कहिए...'' गा कर महात्मा गांधीने इसका प्रयास किया था।

आज 20वीं सदी के उत्तरार्ध मे जिस भयानक समस्या का सामना हुआ है वह है भौतिकता की भीषण झंझावात मे मानव की मानवता खो जाने का संकट। आज वैज्ञानिक आविष्कारों और खोजों ने समुद्र की गहराईयों को जाना, आकाश की अनंत ऊचाईयों को नापा और धरती के गर्भ तक उतरकर उसके खजानों को शोषण किया। पैरों पर चलने वाले मनुष्य ने पक्षियों के पंखों और मछलियों के फिन्स की कला तो सीख ली परंतु मनुष्य दूसरे मनुष्य के साथ सभ्यता से (आनंद से) जीने की कला नहीं सीख सका ! आज मनुष्य अपने स्वार्थ की पूर्ति के लिए लाखों लोगो की हत्या करने मे पिछे नहीं हटता। आज मानव का हृदय भावना शून्य हो गया है, चिन्तन की शक्ति ही खतम हो गई है। दूसरी तरफ भौतिक पक्ष की बात करे तो इस पृथ्वी से जीवन समाप्त हो जाने की स्थितियाँ उत्पन्न हो गई है, इस लिए जल बचाओ, वृक्ष बचाओ, वन प्राणी बचाओ जैसे अभियान चलाये जा रहे है, इस लिए आज की प्रमुख आवश्यकता वह नहीं है जो भगवान ऋषभदेव, भगवान महावीर या गांधी के युग की थी। तब संसार सीमित था, सहज था, सरल था, परंतु आज बाह्य ज्ञान की चकाचौंध मे आत्मज्ञान का प्रकाश खो गया है, जो सर्वभूत को आत्मवत् देख सकता था।

ऐसी स्थिती मे उपाध्याय अमरमुनि ने हमे एक बहुत ही दिव्य संदेश दिया है। भगवान महावीर के सिद्धांत ''जियो और जीने दो'' को घुमाकर (पलटाकर) कहा है ''बचाओ, यदि बचना है'' अर्थात जिस किसी को मिटा रहे हो। जिस किसी को भी बचा रहे हो, तुम खुद बच रहे हो। ''जियो और जीने दो'' मे ''जीने दो'' निष्क्रियता का अहसास कराता है। ''जीने दो'' कहकर हम दूसरे के मार्ग से हटकर बैठ जाते है । ''बचाओ'' सक्रियता का अहसास है, बचाओ कहकर हम दूसरे से जूड जाते है, और यह इष्ट है कि हर किसी से जूड कर जीना और उसे बचाना। जब हर कोई दूसरे को बचाने मे जूटेगा तब सब बच जाएंगे। यह बचना ही आज परमआवश्यक्ता है।

आज लोगों की वृत्तियाँ दूषित हो गई है, भौतिक्ता के अंधकार मे धर्म का मार्ग खो गया है। उद्धार का मार्ग सुझ नहीं रहा हो तब सन्मार्ग के लिए कोई नया रास्ता ही अपनाना पड़ता है।

महापापी वाल्मीकी को अपने प्रायश्चित के लिए राम का नाम जपने की सलाह नारद मुनी ने दी थी तब वाल्मीकी ने कहा था कि, ''मै महापापी हुँ'' मेरे मुख से राम जैसा पवित्र नाम नहीं निकलेगा, तब नारद मुनी ने उन्हे उल्टा नाम ''मरा, मरा'' जपने की सलाह दी थी, मरा...मरा...मरा... जपते जपते चमत्कार हो गया, जिसका प्रमाण तुलसीदासजी की यह पंक्ति है, उलटा नाम जपत जग जाना, वाल्मीकी भये ब्रह्म समाना ।।

उलटा आसन शिर्षासन अनेक रोगों की रामबाण इलाज है। पोजिटीव प्रिंट निगेटीव प्रिंट से ही तैयार होती है। जब चारों ओर हिंसा का भीषण ताण्डव हो रहा हो, नाना प्रकारो और साधनो से हिंसा हो रही हो तब, ''बचाओ, यदि बचना है'' का सूत्र कितनी सरलता से जीवन व्यवहार का सूत्र बन सकता है । गोस्वामी तुलसीदास ने कहा है ''परहित सरिस धर्म नहीं भाई'' अर्थात दुसरे का हित, दुसरे को बचाना सबसे बडा धर्म है। हम सब तो रोज यह बोलकर उत्तम भावना करते ही है। शिवमस्तु सर्व जगत - જગતનાં સર્વ જીવોનું કલ્યાણ થાઓ परहित निरता भवन्तु भूतगणा - સર્વે પ્રાણી પરહિત કરવાની ભાવનાવાળા બનો दोषाः प्रयान्तु नाशं - સર્વના સર્વ દોષો નાશ પામો सर्वत्र सुखी भवतु लोक - સર્વત્ર સર્વ લોક સુખી બનો ।

संकलन : हीरावंती कमल देढिया

॥ શ્રી અંબે માતાજીને નમઃ ॥

# છેડા અને ભેદા નુખના ભાવિકોની પહેડી

ભાવિકો અને નિયાણી બહેનો જોગ

સવિનય જણાવવાનું કે છેડા અને ભેદા નુખના અંબા માતાજીને નમતા ભાવિકોની સમુહ પહેડી તા. ૭-૨-૨૦૧૬ રવિવાર સવારના ૯.૩૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. આ પ્રસંગે છેડા અને ભેદા નુખના સર્વ ભાવિકો સપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## કાર્યક્રમ

માતાજીનું સામૈયુ તથા સ્થાપના ........ ૦૯.૩૦ કલાકે
માતાજીના ભજનગીતની રમઝટ તથા રાસગરબા........ ૧૦.૦૦ કલાકે
ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી........ ૧૨.૦૦ કલાકે
માતાજીને પ્રસાદ થાળ જુવારવાનુ........ ૧૨.૧૫ કલાકે
માતાજીની આરતી ........ ૧૨.૩૦ કલાકે
માતાજીની પ્રસાદી (પ્રીતિભોજન)........ ૦૧.૦૦ કલાકે

**આ વર્ષની પહેડી ભાવિકો તરફથી આનાફોડનાં હીસાબે રાખવામાં આવેલ છે. તો આપનો અમુલ્ય ફાળો નોંધાવશો અને માતાજીને પોંખવાનું જુવારવાનું અને આરતીનો લાભ લક્કી ડ્રો થી કરવામાં આવશે.**

લી. **છેડા અને ભેદા ભાવિક સંઘ**, હૈદ્રાબાદના જયજીનેન્દ્ર

સંપર્ક :

**દેવચંદ છેડા**
મો. ૯૨૯૦૦ ૬૫૧૫૬

**પોપટલાલ છેડા**
મો. ૯૪૪૦૦ ૫૫૧૧૩

**રતીલાલ છેડા**
મો. ૯૩૯૪૪ ૫૪૫૫૩

**અમૃતલાલ ભેદા**
મો. ૯૮૪૯૦ ૦૧૯૯૧

નોંધ : શ્રીફળ પ્રથા બંધ છે. ભાવિકોને ખાસ વિનંતી કાળા વસ્ત્રો પહેરીને આવવું નહીં. (ખ્ન.)

# THE IDEAL WOMAN

**written by : Upadhyaya Amar Muni**

Virtues that transform a woman's existence into that of an ideal life are given thus :

One who does not
worship beauty
but modesty
one who does not
love artificial cosmetics
but cleanliness
she is the ideal woman

One who wields
strict control
over her heart, her speech
and over every cell of her body
on whom the brightness
of eternal piety glitters
she is the ideal woman

One who is
the embodiment
of love and devotion
who brims with sweetness
and the fire and instinct for service
who kindles the same in others
she is the ideal woman

One whose heart
is filled with kindness
on whose mouth
utters the sweet nectar of truth;
from whose hands flow
the eternal stream of chastity,
she is the ideal woman

One who is harder than a diamond
and softer than a flower
who manifests as a diamond
in times of trouble
and a flower in affluence,
who is brave yet tender,
she is the ideal woman

One whose succinct speech showers sweet nectar
whose every word
reveals an ocean of love and devotion
one who leaves an indelible impression
on the young and the old alike,
she is the ideal woman

One who is not ensnared
by ostentations,
one who does not worship inanimate objects
whose sole deity is Shri Veetaraga Arihanta Deva
for whom truth is God
who has faith in her good deeds and rightaeous living
she is the ideal woman

One for whom
life and death are mere games,
whom even God Indra cannot succeed
in deterring from the path of religion,
who is ever ready to sacrifice hereself
for her country and religion;
she is the ideal woman

One whose dignity
lies in sobriety;
one whose every word
bears the stamp of her sagacity;
one who needs only luster but not ornaments
just as a lamp does not;
she is the ideal woman.

સંકલન : ગીતા હંસકુમાર સાયલા

**DEEPAK MAVJI DHAROD** **Cell : 98490 53458**

**BHAVANA TOURS & TRAVELS**

**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**

**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.

(જા.ખ.)



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2750)

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

- ❊ પાંચ ધાન્યના (ભગદરીયા) લાડુ
- ❊ ડ્રાયફ્રુટ લાડુ (ઘંઉના)
- ❊ નાચણી (રાગી) ખજુર લાડુ
- ❊ ગોળીયા લાડુ
- ❊ ફીણીયા લાડુ
- ❊ અદરખ ડ્રાયફ્રુટ લાડુ
- ❊ ગોળ પાપડી
- ❊ કોકોનેટ બીસ્કીટ

• સાંગલીના ભડંગ • પૂનાનો લક્ષ્મીનારાયણ ચીવડો • શીંગદાણાની ચટણી • સિકંદરના ખારી શીંગ • ચણા • ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદળ ભરપુર મસાલા યુક્ત સ્પેશીયલ અડદીયા પાક મળશે. અગાઉથી ઓર્ડર નોંધાવશો.

(જા.ખ.)

<u>CONTACT</u> : PRAVIN K. CHHEDA
102, Uma Residency, Near Jineshwardam, Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939
PRAVIN CHHEDA - 89857 59320 PREMILA CHHEDA - 90146 66932




# ITS A QUIZ TIME
..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

**Answers to the last month quiz :**

1. White
2. Walnut
3. West
4. Wedding
5. Week
6. Wheels
7. Walls
8. Workout
9. Wealth
10. Warehouse
11. Wardrobe
12. Wicket
13. Web
14. Watermelon
15. Watchman

The persons who have given correct answers are as follows :

**CONGRATULATIONS**

1) Aarati N. Satra
2) Ankita Umesh Shah
3) Bharati K. Dharod
4) Bhavya Sameer Gada
5) Bhavana Paresh Karani
6) Bhavika Tejkiran Momaya
7) Chavi M. Shah
8) Dhrupati Himeshkumar Dodhia
9) Devank D. Shah
10) Dhairya Boricha
11) Disha Kunal Nandu
12) Femi Gada
13) Hasumati Gada
14) Harshad Dharod
15) Heena V. Dedhia
16) Jeenal Deepen Rambhia
17) Jeevin Jitesh Chauhan
18) Jyoti Laxmichand Nagda
19) Jainam Gosar
20) Karan Gala
21) Kush Kailash Chedda
22) Krathika Maru
23) Khiresh Naveen Nagda
24) Ketki Sayla
25) Kunal Dama
26) Kalpana Mehta
27) Lata Manikant Momaya
28) Manish Mohan Gala
29) Mythri Sunil Chheda
30) Mayank Ajay Pasad
31) Moksh Ajay Shah
32) Mayank Atul Gada
33) Nita D. Malde
34) Navinchandra Maru
35) Nirmala Vijay Maru
36) Nita J Parekh
37) Narendra Dharamshi Dagha
38) Nikhil Kishor Dedhia
39) Nirnay Pissay

Here is your riddle for the month. It is difficult. Howerver, I Invite all the Master Minds to apply their mind and give answer on or before end of the month, as usual by whatsapp, sms or in writing as convenient to you. The names of those giving correct answers will be published in January 2016 Niyapo.

*A lady went to a shop for purchasing some items. She purchased some items worth Rs. 200/- and gave the shopkeeper a Rs. 1000/- note. Since the shopkeeper did not have the change, he got it from the neighbour shop, and gave Rs. 800/- to the lady and kept the balance Rs. 200/- in his cashbox. After sometime, the neighbour shop keeper came and returned Rs. 1000/- note to the first shopowner telling that the note he has given was a fake and took back Rs. 1000/- in good note. Now let me know how much loss the shopkeeper has incurred?.*

If you wish to give reasoning working as to how you have calculated the answer, you can do so, though it is not compulsory.

---

महिलाने दुकानदार से रू.200/- का सामान खरीदा और रू. 1000 का नोट दिया, दुकानदार के पास छुट्टे पैसे न होने से उसने पडोसी दुकानवाले से रू. 1000 के छुट्टे लाकर रू. 800/- महिला को दे दिये और रू. 200/- गल्ले में डाले । कुछ देर बाद पडोसी दुकानदार रू. 1000/- का नोट वापस लाया और बोला ये नकली है और दुकानदार से एक असली नोट ले गया । अब बताईये दुकानदार को कितने रूपये का नुकशान हुआ ।

---

**PSYCHOLOGICAL TEST**

Complete this word in English : "K I __ __"

Please fill up with what comes to your mind instantly.

The answer given by you will indicate the type of person you are. This will be interesting.

(The answers are given on some other pages).

---

40) Pramila Amrutlal Nagda
41) Parth Jesrani
42) Pooja Lalka
43) Priyanka H. Savla
44) Prachi Mayur Visaria
45) Rupal Nikhil Dedhia
46) Ranjan Pasad
47) Rupali Srenik Parekh
48) Riddhi Chawda
49) Dr. Rajashree Shah
50) Sankalp Pissay
51) Smita D. Mamania
52) Sonal Piyush Gosar
53) Surabhi Chandrakant Gala
54) Sonal Jignesh Shah
55) Tejal Maisheri
56) Tanushka A. Shah
57) Veena K. Gosar
57) Vasanti A. Shah

### PSYCHOLOGICAL TEST - ANSWERS

Kill - Aggresive, Bold
King - Honest, Helpful
Kids - Passessive, Overactive
Kick - Angry, Moody
Kind - Sensible, Honest
Kilo - Intelligent, Brave
Kiss - Naughty, Lazy
Kiwi - Helpful, Healthy
Kits - Reliable, Helpful

Check your answer - It is more or less true.

**છેડા ટ્રાવેલ્સ** ઈનોવા, વીસ્ટા, ઈન્ડીકા, તુફાન, ટ્રાવેરા, બસ વગેરે
કાર ભાડેથી મેળવવા A/c. - Non A/c.
સંપર્ક : હીરાચંદ એલ. છેડા (સુથરીવાળા) - ૯૮૭૯૩ ૫૭૨૪૬
C/o. સવાણી ટ્રાન્સપોર્ટ, ભીડ બજાર, ભુજ - કચ્છ.૩૭૦ ૦૦૧

(જા.ખ.)

## CARTALYST

Cartalyst is a B2B technology startup, which equips small & medium Businesses with tools and insights to have an online presence. We provide all the services required for a brand to sell their products through all online channels.

We're looking for ACCOUNT EXECUTIVES - Full time / Part Time. (College going students who can spare 4-6 hours a day can also apply).

- **Good verbal & written communication skills in English / Hindi.**
- **Working knowledge of MS Excel, Macros / VBA Knowledge a plus.**
- **Background about Indian e-commerce / e-tail Industry a plus.**

Email your resume to careers@cartalyst.in or
Call Rubin Dharod : +91-98492 48978

(જા.ખ.)

# SEMINAR "MISSION SUCCESS" - A SYNOPSIS

**A business Seminar "Mission Success" conducted by Master Mind Training & Consultancy Services Pvt. Ltd., by Mr. Aslam Charania, on 29th November 2015, sunday was unique, excellent and rich in Knowledge. This seminar made us aware of the present scenario of market, challenges faced today and present scenario of our country. The seminar started with introduction about enterpreneur, that society needs a entrepreneur and not just a trader or business manager, because they are wealth, job, Income and happiness multipliers. Mr. Aslam said that an entrepreneur should be HAPPY, CONFIDENT AND RESPONSIBLE.**

**He emphasised on the point that "Do big Businesses" for growth of our country. Genuine patrotism is not only celebrating 15th August or 26th January but to do something for country.**

**India is youngest country, because largest number of youths are there in India. Youths are more energetic, hardworking, desperate & aggressive. Young earns more & spends more. They pay direct tax as well as Service Tax. They will definitely contribute in the bright future of India.**

**He focused on the point "DO BUSINESS IN WHITE" i.e. do formal business. In other words, do business with bill. Black money will not help in growth of our country. Only white money will help in increasing GDP of the country. If GDP (Gross Domestic Product) improves, India's name and rating improves in International market and it will attract more foreign investment. If GDP of India increases to $7^1/_2$%, then in next 10 years, India will be 3rd largest Economy or super power in the world. Mr. Aslam emphasised on the point, not to think only of Individual gain, but of Nations gain on whole.**

**India is getting richer. India is land of opportunities. Largest number of consumer of the world are there in India, so world's best countries are coming to invest in India. If we want to do business, we should be awake & knowledgeable. In one eye of businessman, there should be telescope, and in other eye, microscope.**

**The major problem in India is that the owners of most of traditional businesses are of before 1990 generation, who are doubtful, whereas maximum customers are of after 1990 generation, who are confident and are aware of advanced technology. Thats why so much contradiction. For generation of before 1990, it is "C" for cat, but for today's generation, it is "C" for Chat.**

**Therefore, in order to improve business, the older generation has to make increase use of technology for growth, becoz today everything has become online.**

**Moreover Aslam sir gave us knowledge about 7 points to improve business. He told that a businessman should have clear goals. His goals should be supported by proper planning. He should focus on Marketing branding and Teampower & Delegation. He should do increase use of technology becoz, software will help to take profitable decision. The most important point is that he should shift to formal and white business and he**

# ROYALE PROPERTIES

**Ur Dreams Redifined**

Royale Properties is a Real Estate consultant Company with services designed exclusively to serve you. The buyer, the seller, whether your interest is in residential / commercial / agriculture / plots / Lease / Rent or development of properties, our commintment remains the same, to exceed your expectations with the highest level of service and professionalism.

Contact : **DIPEN KOTECHA**
4-1-204, Hanuman Tekdi, Abids, Hyderabad
**Ph : +91-9391063041, +91-98661 93041**
E-mail : royale_properties@mail.com

(જા.ખ.)

## You are beautiful....we just compliment it!

abha
be gorgeous

BEAUTY & HAIR SERIVCES | SPA | TRAINING WORKSHOP

by **Bhavini Patel**

Now at New & Spacious Space

- Bridal Mehendi
- Bridal HD Make-up
- Bridal Packages
- Body Spa
- Hair Spa & Treatment
- Stone Theorpy
- Ultrasonic Treatment
- Foot & Hand Spa

**Designer Mehendi & Grooming Classes**

**3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,**
**Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com**
**Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed**

(જા.ખ.)

should always keep learning attitude, becoz without learning, there is no earning.

Change is vital, because money will come only to those, who have knowledge. Moreover he told, if you agree to all this, use it.

We are so lucky that we have got such a society & KMM, who come forward and arrange such knowledgeable seminars for us, to develop as a individual, but it was so disappointing that, inspite of being sunday, not many members turned up for the seminar. Those who attended it, really took something rich with them, and those who didn't attend it, really missed something. Its my humble request to all members, not to miss such seminars, and attend in large numbers next time, because you will really gain something rich and valuable from it, which will help in bringing growth in you as individual, in society and in our Nation.

- Vaishali Laxmichand Nagda

## CONGRATULATIONS



**Kevin Rahul Sanghoi**
12th MPC 96.5%

## ઋણ સ્વીકાર

અમારા પિતાશ્રી લાહીરીભાઈ હીરજી શાહ (ઉ.વ. ૮૯) ના અવસાન સમયે અંતિમક્રિયા માટે બધીજ વ્યવસ્થા કરવા બદલ અમે શ્રી કચ્છી મિત્ર મંડળની માનવ મિત્ર સમિતિ ના સર્વે સભ્યોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

જીતેન્દ્ર શાહ, નરેન્દ્ર શાહ (ટીન્કુ પ્રીન્ટરી)

(જા.ખ.)

## REVISED ADVERTISEMENT RATES Effective from 1-10-2015

### COLOUR

| | | | |
|---|---|---|---|
| *1 | Last Cover Page Outside | Rs. | 3200 |
| *2 | Second Page (Inside) | Rs. | 2800 |
| *3 | Last Page (Inside) | Rs. | 2800 |
| 4 | Pin Page | Rs. | 2400 |

### BLACK & WHITE

| | | | |
|---|---|---|---|
| *5 | Full Page | Rs. | 800 |
| *6 | Half Page | Rs. | 500 |
| 7 | Quarter Page | Rs. | 200 |
| 8 | Strip | Rs. | 100 |

Note : If any person gives 12 months advertisements in advance, only 10 months payments will be collected. This concession is allowed in item No.1, 2,3,5 & 6 only marked (*).

સુચના : નિયાપોમાં છાપવા માટે જે કોઈ પણ મેટર આપ મોકલાવો વિવિધા માટે લેખો, કવિતા, જીવન ચક્રમાં આવતી નોંધ, જાહેર ખબરો, રિપોર્ટ સર્વે નીચે મોકલાનારનું નામ, સહી, ફોન નંબર સાથે મોકલવા જરૂરી છે.


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
(જા.ખ.)
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

CA. DIPTI CHHEDA'S

# CONCEPT CLASSES

# CA - CPT / IPCC

**CA - IPCC Audit (with updates on CARO 2015)**
**Starting on 16-12-2015**
**Integrated Batch for Inter II Year+CPT Coaching**
**Batch for Tally ERP 9 with Basic Accounting Concepts**
**CA Final - Financial Reporting Classes**

**CPT LONG TERM BATCH STARTING ON 25-12-2015**

- **Special formulae Notes on Quantitative Aptitude.**
- **Flow chart notes for Accounting Standards.**
- **Printed notes in work book form for every subject.**
- Booster revision classes & Booster test series before exam.
- Special 1 day revision class on projector before examination.
- Chapter wise weekly class test with Suggested answers & detailed feedback.
- Special Classes for Inter Students (Accounts & Maths)
- Only 30 students per batch.
- AC Classroom.
- Library facility available.
- Reading room facility available.

**For Details Contact : Ph : 90309 19237, 92465 39616**

## *LOOKING FOR AN ACCOUNTANT ??*

***Part / Fulltime Accounting Solutions***
***Inventory / Payroll / Statutory Matters***
***E-Commerce Advisory Services***
***Temp. Staffing, Business Advice, E-Filing, ERP***
***Contact : ALOK DAGA Ph : 9573657890***

(જા.ખ.)

***Spend more time running your business & less time managing your books.***



શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર. સાથે સાથે દર મહિનાના ત્રીજા રવિવારે કાચીગુડાથી શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે એક બસની વવસ્થા છે. નકરો વ્યક્તિ દિઠ રૂ. ૫૦/- તથા બસના લાભાર્થી માટેનો નકરો છે રૂા. ૫૧૦૦/-. ડિસેમ્બર ૨૦૧૬ સુધી બસના લાભાર્થી મુકરર થઈ ગયા છે. શ્રી સંઘને શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે કાયમી લાભાર્થીની આવશ્યક્તા છે. જેનો નકરો રૂા. ૭,૫૧,૦૦૦/- સદર રકમ ફીક્સ ડિપોઝીટમાં રાખી વ્યાજમાંથી શ્રી મેડચલ તીર્થ યાત્રાનો સંચાલન કરવામાં આવશે. ઈચ્છુક ભાવિકોને સંચાલકનો સંપર્ક કરવા વિનંતી.

રવિવાર ૬ ડિસેમ્બર ૨૦૧૫ ના આયોજીત શ્રી સંઘના શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે બે બસ ની વ્યવસ્થા હતી. વધારાની બસના લાભાર્થી શ્રીમતી મધુબેન વિશનજી ભાઈ મારૂ તથા શ્રીમતી હર્ષાબેન વિજયભાઈ નાગડા હતા. તીર્થ ક્ષેત્રે સિદ્ધ ચક્ર પૂજન રાખવામાં આવેલ એની વિગત આવતા અંકમાં પ્રકાશીત થશે. પૂજન ચૈતન્યપુરી મહિલા મંડળ ભણાવશે.

**"31ST NIGHT IN KULPAKJI"**

ગુરૂવાર તા. ૩૧-૧૨-૨૦૧૫ ના બપોરે ૨.૦૦ વાગે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે બસની વ્યવસ્થા છે. સાંજના પહોંચી ચોવિહાર પતાવી આરતી તથા ભક્તી ભાવનાનો લાભ લેશું. સાલ ૨૦૧૫ ને આરાધનાથી વિદાઈ આપશું તથા બીજા દિવસે શુક્રવાર તા. ૧-૧-૨૦૧૬ ના સવારના નવ વર્ષની આગમનના સ્વાગત રૂપે આરાધના કરી પાછા હૈદ્રાબાદ ફરશું. આ કાર્યક્રમ પૂરતો નકરો રૂા. ૧૦૦/- વ્યક્તી દિઠ રાખવામાં આવેલ છે. વેલી તકે નકરો આપી નામો નોંધાવશો.

આજીવન સભ્ય બનાવવાની ઝુંબેશ - સદર વર્ષ દશાબ્દી વર્ષના નામે ઊજ્વી રહ્યા છીએ. એના અનેક કાર્યક્રમની સાથે વધારામાં વધારે આજીવન સભ્ય બનાવવાની ઝુંબેશ ચાલુ છે. આપશ્રી આપના પરિવાર સાથે આજીવન સભ્ય બની શ્રી સંઘની પ્રવૃત્તિને પ્રોત્સાહીત કરશો. શ્રી સાધારણ ફંડની વૃદ્ધી માટે રૂા. ૧૧૧૧/- ના સંકલ્પ અનુદાન પત્રો બહાર પાડવામાં આવેલ છે તથા વિતરણ ચાલુ છે. આપશ્રી આપના પરિવારના શુભ પ્રસંગને યાદગાર બનાવવા તથા સ્વજનની સ્મૃતીમાં આ પત્રો લઈ પુણ્યાર્જન કરવા વિનંતિ. સદર રકમ ફીક્સ ડિપોઝીટમાં રાખી વ્યાજ માંથી સાધારણ ખર્ચ, ગૌસેવા, ગરીબ ભોજન, મંદીર અનુદાન ઈત્યાદી શુભ કાર્ય કરવામાં વાપરવામાં આવે છે.

**VISION 2020 :** સાલ ૨૦૨૦ સુધી શ્રી સંઘનો એક અત્યાધુનીક અતીથી ગૃહ બનાવવાનો સંકલ્પ છે. જેમા અતિથી ગૃહ, પાઠશાલા, વાંચનાલય, ઉપાશ્રય માટે જગ્યા ફાળવી સાધુ-સંતોની સેવા વ્યવસ્થા સારી રીતે થાય તેના માટે પ્રયત્ન કરવો છે. એ ભગીરથ કાર્ય માટે આપશ્રીના સુઝાવો તથા અનુદાન અવકાર્ય છે.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,**

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ સાયન-મુંબઈ

હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર (મું. ક.)